ફોન નં.(૦૨૭૮)૨૫૨૧૭૬૦,૨૫૨૧૭૬૧, ૨૫૨૧૭૬૨ ફેક્સ નં. (૦૨૭૮) ૨૫૨૧૭૬૩

# પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
## ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

ઝોનલ કચેરી, "વીજ સેવા સદન", ચાવડી ગેટ,ભાવનગર.
CIN : U40102GJ2003SGC042908
e-mail: forumbhavnagar.pgvcl@gebmail.com

ક્રમાંક: બીઝેડ/ફોરમ/૦૮/૨૩-૨૪/ 940 તારીખ: 20 MAY 2023

**આર.પી.એ.ડી.**

પ્રતિ,
**શ્રી ભીલ કાળુભાઈ બચુભાઈ,**
**સદભાવના હોસ્પિટલની બાજુમાં,**
**કોટડા રોડ,**
**મું.કળસાર,**
**તા.મહુવા, જી.ભાવનગર.**

કેસ નં.૦૮/૨૩-૨૪

**મો.નં-૯૬૩૮૭ ૧૧૦૧૨**

**વિષય :** ઘર વપરાશનું નવું વિજ કનેકશન આપવા બાબત.

**સંદર્ભ :** (૧) આપનો પત્ર તા.૧૧/૦૪/૨૦૨૩ જે અત્રેની કચેરી ને મળ્યા તા.૧૩/૦૪/૨૦૨૩.
(૨) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૮/૨૩-૨૪/૭૯૬ તા.૨૫/૦૪/૨૦૨૩.
(૩) અત્રેની કચેરીનો પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૮/૨૩-૨૪/૮૪૫ તા.૦૨/૦૫/૨૦૨૩.

શ્રીમાન,

આપશ્રીની, ઉપરોકત વિષયના સંદર્ભમાં આપના દવારા ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગર સમક્ષ કરેલ રજુઆતના સંદર્ભમાં આપશ્રીને ફોરમ સમક્ષ તા.૧૧/૦૫/૨૦૨૩ નાં રોજ સાંભળવામાં આવેલ. જેના સંદર્ભમાં ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ દવારા આપવામાં આવેલ ચુકાદો આ સાથે સામેલ છે.

આપશ્રીની જાણ સારૂ.

કન્વીનર,
ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ
પીજીવીસીએલ., ઝોનલ કચેરી ભાવનગર.

**બિડાણ:- ઉપર મુજબ.**

પ્રતિ: કાર્યપાલક ઇજનેરશ્રી,
પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ
વિભાગીય કચેરી, મહુવા.

*.......ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગના જાહેરનામા નં. ૨/૨૦૧૯ ની કલમ નં. ૨.૫૪ મુજબ સદર હુકમનાં પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.*

**નકલ રવાના:-**

(૧) શ્રી અધિક્ષક ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, વર્તુળ કચેરી, ભાવનગર.
...આપની જાણ તથા જરૂરી કાર્યવાહી અર્થે.
(૨) શ્રી નાયબ ઈજનેર,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ, ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી-૨, મહુવા.

Consumer Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

**ફરિયાદ નિવારણ ફોરમ,પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ,ભાવનગર સમક્ષ)**

ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ,
પ.ગુ.વી.કં.લિમીટેડ, ઝોનલ ઓફિસ,
"વીજ સેવા સદન", ચાવડી ગેટ,
ભાવનગર.

**કેઈસ નંબર – ૦૮/૨૩–૨૪**

વાદી :– **શ્રી ભીલ કાળુભાઈ બચુભાઈ,**

◈ **વિરૂધ્ધ** ◈

પ્રતિવાદી :– **પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ**

◈ **રજુઆતની તારીખઃ– તા.૧૧/૦૫/૨૦૨૩** ◈

હાજર રહયા :– **શ્રી પ્રેમજીભાઈ નાનભાઈ સરવૈયા (વાદી ના જમાઈ - પ્રતિનિધિ)**

પ્રતિવાદી :– શ્રી જે.એ. માંગુકિયા, જુનીયર ઈજનેર, પેટા વિભાગીય કચેરી, ગ્રામ્ય-૨ મહુવા.
**(પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમીટેડ વતી)**

શ્રી ભીલ કાળુભાઈ બચુભાઈ, મું.કળસાર, તા.મહુવા, જી.ભાવનગરની ઘર વપરાશનું નવું વિજ કનેકશન આપવા બાબતની રજુઆત કન્વીનરશ્રી, ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, ભાવનગરને મળતાં, ફોરમે તેનાં ફરીયાદ રજીસ્ટરમાં ક્રમાંક : ૦૮/૨૩–૨૪ થી નોંધી તેનાં યોગ્ય નિરાકરણ માટે અધિક્ષક ઈજનેરશ્રી, વર્તુળ કચેરી, ભાવનગર ને પત્ર નં. બીઝેડ/ફોરમ/૦૮/૨૩–૨૪/૭૯૬ તા.૨૫/૦૪/૨૦૨૩ થી વાદીશ્રી ની જાણ હેઠળ મોકલી આપેલ.

આમ છતાં, ફોરમે વાદીશ્રી ને તેમની ફરિયાદ બારામાં લેખીત / મૌખીક રજુઆત કરવા **તા.૧૧/૦૫/૨૦૨૩** ના રોજ ઉપસ્થિત રહેવા જણાવેલ. જેમાં, વાદી શ્રી કાળુભાઈ બચુભાઈ ભીલ વતી તેમના પ્રતિનિધિ શ્રી પ્રેમજીભાઈ નાનભાઈ સરવૈયા હાજર રહેલ તથા પ્રતિવાદી તરફે શ્રી જે.એ.માંગુકિયા, જુનીયર ઈજનેર, પેટા વિભાગીય કચેરી, ગ્રામ્ય-૨ મહુવા. ઉપસ્થિત રહેલ.

**☞ વાદીશ્રીની રજુઆતઃ– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૧.૧ અરજદારશ્રી ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના કળસાર ગામે કોટડા રોડ પર સદભાવના હોસ્પિટલની બાજુમાં રહે છે.

૧.૨ અરજદાર દ્વારા તેમની રજૂઆતમાં જણાવ્યા મુજબ, તેઓએ ભાવનગર જીલ્લાના મહુવા તાલુકાના કળસારગામે કોટડા રોડ પર સદભાવના હોસ્પિટલની બાજુમાં સરકારશ્રીની અનેક કંપનીના પરિપત્ર નં–૭૬૩ મુજબ ઝુંપડ પટ્ટી સ્કીમમાં ઘર વપરાશ માટે નવા આધાર પુરાવા આપી રૂા.૪૦/– રજીસ્ટ્રેશન ચાર્જના નાણાં ભરેલ. ત્યારબાદ, કર્મચારી તેઓની કચેરી મહુવા રૂરલ–૨ માંથી સર્વે/મોજણી કરવામાં આવેલ. બાજુમાં ખેતીવાડીનું વિજ કનેકશન ચાલે છે. ત્યારબાદ, કચેરી તરફથી ક્વોટેશન આવેલ તે તેઓ દ્વારા તા.૦૬/૦૩/૨૦૧૯ ના રોજ ભરપાઈ કરેલ.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૧.૩ ત્યારબાદ, કચેરીનો હેલ્પર મીટર કનેકશન લગાડવા આવેલ ત્યારે બાજુવાળા ખેતીવાડી વાળાએ વિજ કનેકશન લગાડવા અટકાવેલ કે આ ટી.સી. મારૂં પોતાની માલીકીનું પ્રાઈવેટ છે. તેમાંથી, વિજ જોડાણ આપવું નહી અન્ય જગ્યાએથી વિજ જોડાણ આપવાનું રાખો. વિજ કનેકશન લગાડેલ નહી. હેલ્પર વિજ કનેકશન લગાડેલ નહી અને જતા રહેલ અને કહેલ કે, મહુવા કચેરી ઓફીસમાંથી જુ.એ. ચુડાસમા સાહેબને લઈને કાલે આવીશ.

૧.૪ ખેતીવાડીના ટી.સીનું માલીક પીજીવીસીએલ છે, ખેતીવાડીમાં ટી.સી.માંથી પાવર લઈ શકે છે. ખેતીવાડીના પોતાનું પ્રાઈવેટ ટી.સી.લગાડવાનો નિયમ નથી. ગ્રાહકે વિજ કનેકશન મેળવેલ હોય, ત્યારે કંપનીએ અલગ ટી.સી. લગાડેલ હોય, તેથી ખેતીવાડીનો માલીક ટી.સીનો માલીક થતો નથી. ટી.સી. બળી જાય તો, કંપની મફત બદલી આપે છે. કંપની ટી.સી.માંથી પાવર ગમે તેને આપી શકે છે. ટેપીંગ કરી શકે છે. છતાં, જુ.એ.ચુડાસમા સાહેબ સ્થળ ઉપર આવેલ નથી કે, બીજું કોઈ અધિકારી સ્થળ ઉપર આવેલ નથી. વિજ કનેકશન લગાડવા કોઈની પાસે ટાઈમ નથી. આમાં કોની બેદરકારી ગ્રાહક અને કંપનીને કેટલી ખોટ થયેલ છે. કોની બેદરકારીથી વિજ કનેકશન લગાડેલ નથી. બેદરકારી કરેલ હોય, કંપનીના નિયમ મુજબ કડક પગલા લેવા અને બાજુવાળા ટી.સી. વાળા ઉપર કંપનીના નિયમ મુજબ પગલા લઈ વિજ કનેકશન લગાડવા હુકમ કરવા વિનંતી. હાલ, ચાર વર્ષ કરતા વધારે સમય થયેલ છે. છતાં, કોઈની પાસે ટાઈમ નથી. કંપનીના અધિકારી પર પગલા કેમ લેવાતા નથી. આવા બેદરકારોને ડીસમીસ કરવા જોઈએ. ચાર વર્ષમાં અનેક વખત વિજ કચેરીમાં ધકકા ખાય છે. છતાં કોઈ પાસે મીટર લગાડવાનો ટાઈમ નથી. આવતી કાલે આવીશું કાલ આવતી નથી. મીટર કનેકશન લાગતુ નથી. તો આપ સાહેબને ફરીયાદનો અભ્યાસ કરાવી વિજ કનેકશન લગાડવા હુકમ કરવા વિનંતી.

☞ **<u>પ્રતિવાદીશ્રીની રજુઆત</u> :– ફોરમને કરેલ લેખિત અરજી મુજબ રજુઆત છે કે...**

૨.૧ સવિનય સાથ ઉપરોકત વિષય તથા સંદર્ભના અનુસંધાને આપ સાહેબને જણાવવાનું કે, અત્રેની મહુવા ગ્રામ્ય–૨ પેટા વિભાગીય કચેરી પર અરજદારશ્રી કાળુભાઈ બચુભાઈ ભીલ,ગામ–કળસાર, તા.૦૮/૦૫/૨૦૧૭ ના રોજ અંદાજપત્ર ભરપાઈ કર્યા બાદ પણ વિજ જોડાણ ન મળવા બાબતની રજૂઆત મળેલ. જેના અનુસંધાને મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૨ કચેરીએ ઉપલબ્ધ રેકર્ડની ખરાઈ પરથી જાણવા મળેલ કે, અરજદાર દ્વારા તા.૦૬/૦૩/૨૦૧૭ ના રોજ ઘરવપરાશના નવા વિજ કનેકશન માટે રૂા.૩૫૦૦/– સર્વિસ કનેકશનના તથા રૂા.૨૭૪/– ડિપોઝીટના એમ.આર.નં–૮૨૬૧૬૬–૬૭ થી ભરેલ હતા. જેની પેઈડ પેન્ડીગ રજીસ્ટરમાં ૯૦૫ નંબરથી એન્ટ્રી કરેલ છે. તેમાં, ૪૦ મીટર એલ.ટી.લાઈન અને એક પોલ સર્વેમાં દર્શાવેલ છે તેમજ ઓફીસ રેકર્ડ ચેક કરતા અત્યારે કોઈ ડોકયુમેન્ટ ઉપલબ્ધ નથી. સદર કનેકશનની એસ.આર.નં–૮૭૧૪૫૯૨ નો ઈ–ઉર્જા માં રેકર્ડ ચેક કરતા, સદર અરજદારની અરજી સ્ટેટસ '' પેઈડ કેન્સલ '' કરેલ છે અને અરજદાર દ્વારા ટેસ્ટ રીપોર્ટ પણ ભરેલ નથી. આમ, જે તે સમયે અરજદાર અરજી પેઈડ કેન્સલ કરી દફતરે કરેલ છે અને અરજદાર દ્વારા આજદિન સુધી સદર કનેકશન બાબત બીજી કોઈ અરજી અત્રેની ઓફીસે કરેલ નથી.

Grievance Redressal Forum P.G.V.C.L. Bhavnagar

૨.૨ વધુમાં, સદર અરજી બાબત તા.૦૮/૦૫/૨૦૨૩ ના રોજ સ્થળ પર રોજકામ કરતા, સદર અરજદારનું મકાન ગામતળ ની બહાર કોટડા રોડ ઉપર પડતર જગ્યામાં આવેલ છે અને તેના ઘરથી સામેની બાજુ રોડ ક્રોસ કરીને ખેતીવાડી લાઈનની હળવા દબાણની લાઈન નીકળે છે. સદર વ્યકિતને કનેકશન આપવા માટે અત્યારે ૭૦ મીટર એલ.ટી.લાઈન ઉભી કરવી પડે. આમ, જે તે વખતે અરજદાર દ્વારા ખોટું સર્વે કરાવી નાણાં ભરપાઈ કર્યા હોય તેમ જણાય છે. અત્યારે પીજીવીસીએલ કંપનીના નિયમ મુજબ ગામતળની બહાર આવેલ પડતર જગ્યામાં કનેકશન લેવું હોય તો, લાઈન ચાર્જના રૂપિયા ભરપાઈ કરવા પડે. ત્યારબાદ, આગળની કાર્યવાહી કરી શકાય.

૨.૩ આમ, અરજદારની અરજી પરથી અનુમાન લગાવી શકાય કે, અરજદારને વિજ તંત્રના નિયમો વિશે જાણકાર હશે તેમ છતાં, તેઓ દ્વારા આટલો લાંબો સમય વિત્યા છતાં, સદર બાબતે કયારેય પણ અત્રેની મહુવા ગ્રામ્ય પેટા વિભાગ–૨ ની કચેરીનો સંપર્ક સાધ્યો નથી. કોઈ લેખિત જાણ કરેલ નથી. તે આપ સાહેબની જાણ સારૂં.

☞ <u>ફોરમનું તારણ</u> :– વાદી અને પ્રતિવાદીની રજુઆત ઉપરથી નીચે મુજબ તારણ નીકળે છે.

૩.૧ વાદી અરજદારશ્રી કાળુભાઈ બચુભાઈ ભીલ, ગામ–કળસાર દ્વારા ઘર વપરાશનું ઝુંપડપટ્ટી સ્કીમમાં વિજ કનેકશન ન મળતા ફોરમને રજૂઆત કરેલ છે.

૩.૨ વાદીની અરજીના અનુસંધાને ફોરમ દ્વારા આજરોજ તા.૧૧/૦૫/૨૦૨૩ ના રોજ રૂબરૂ સુનાવણી રાખવામાં આવેલ. જેમાં, વાદી તેમજ પ્રતિવાદીના પ્રતિનિધિએ હાજર રહી, પોતાની રજૂઆતો કરેલ છે.

૩.૩ આજરોજની સુનાવણી દરમ્યાન રજૂ થયેલ રેકર્ડ, રોજકામ અને રૂબરૂ રજૂઆતો ને ધ્યાને લેતાં જણાય છે કે, વાદી દ્વારા કળસાર ગામે કોટડા રોડ પર સરકારશ્રીના પરિપત્ર નં–૭૬૩ મુજબ ઝુંપડપટ્ટી સ્કીમમાં ઘરવપરાશનું વિજ કનેકશન તા.૦૭/૦૨/૨૦૧૭ ના રોજ માંગવામાં આવેલ. જે અંગેનું જરૂરી કવોટેશન પણ તેઓ દ્વારા તા.૦૬/૦૩/૨૦૧૯ ના રોજ ભરપાઈ કરેલ છે. પ્રતિવાદીના માણસો દ્વારા મીટર લગાડવા જતા સમયે બાજુની ખેતીવાડી વાળા દ્વારા વાંધો ઉઠાવી મીટર લગાડવા દીધેલ ન હતું અને ત્યારબાદ આજદિન સુધી મીટર લગાડેલ નથી.

૩.૪ પ્રતિવાદી ના જણાવ્યા અનુસાર વાદી દ્વારા તા.૦૬/૦૩/૨૦૧૯ ના રોજ રૂા.૩૫૦૦/– સર્વિસ કનેકશન તથા રૂા.૨૭૪/– ડિપોઝીટ ભર્યાની તથા પેઈડ પેન્ડીંગમાં એન્ટ્રી હોવાનું જણાવેલ છે. પરંતુ, હાલ કોઈ રેકર્ડ ઉપલબ્ધ નથી તેમ જણાવેલ છે. તેમજ હાલ પ્રતિવાદીની સીસ્ટમમાં વાદીની અરજી '' પેઈડ કેન્સલ્ડ '' નું સ્ટેટસ દર્શાવે છે.

૩.૫ વાદી દ્વારા ફોરમને રજૂઆત કર્યા બાદ ફોરમની સૂચનાને આધારે પ્રતિવાદી દ્વારા વાદીના સ્થળની વીઝીટ તા.૦૮/૦૫/૨૦૨૩ ના રોજ કરવામાં આવેલ. જે મુજબ અરજદારનું મકાન ગામતળની બહાર કોટડા રોડ ઉપર પડતર જગ્યામાં આવેલ છે. આથી, અરજી તથા સર્વે સમયે ખોટું એડ્રેસ વાદીએ જણાવ્યા હોવાનું સાબિત થાય છે. [illegible]ની જગ્યાએ કનેકશન લેવા લાઈન ચાર્જ ના રૂપિયા ભરવા પડે. વધુમાં, વર્ષ–૨૦૧૭ માં પૈસા ભર્યા બાદ વાદી દ્વારા તેમના મીટર અંગે પ્રતિવાદીની કચેરીનો સંપર્ક પણ કરવામાં આવેલ નથી તેમ પ્રતિવાદી જણાવે છે.

૩.૬ ઉપરોકત વિગતોને ધ્યાને લેતાં ફોરમને જણાય છે કે, વાદીએ ઝુંપડપટ્ટી સ્કીમનું વિજ કનેકશન મેળવવા દાખલો આપેલ મકાન ગામમાં છે. જયારે કે, કનેકશન જોઈએ છે તે જગ્યા ગામ બહારની હોઈ તે જગ્યાએ સરકારી દબાણ (પડતર) હોઈ તે જગ્યાએ વિજ કનેકશન આપી શકાય નહી.

૩.૭ આ તબકકે પ્રતિવાદી દ્વારા પણ કનેકશન આપવાની કાર્યવાહીમાં બેદરકારી માલૂમ પડે છે. જેમ કે, લાંબા સમય સુધી પેઈડ પેન્ડીગ વાળું કનેકશન ઉભું રાખવું, વાદીને કનેકશન મળી શકે તેમ નથી તે અંગેની સમયસર જાણ ન કરવી, ભરેલા પૈસા પરત ન કરવા વગેરે, આથી પ્રતિવાદીને પેટા વિભાગીય કચેરીના નાયબ ઇજનેરને રૂ. ૧૦૦૦/- નો દંડ કરવાનો હુકમ કરવામાં આવે છે. તેમજ પ્રતિવાદીને વાદીએ કનેકશન ન મળી શકવા અંગેનો પત્ર લખી ભરેલા નાણા પરત આપવા તુરંત કાર્યવાહી કરી દિવસ–૩ માં અહેવાલ કરવા હુકમ કરવામાં આવે છે.

**–:: હુકમ ::–**

- **વાદીની રજૂઆત, પ્રતિવાદીની રજૂઆત તેમજ ફોરમ સમક્ષ રજુ થયેલ દસ્તાવેજી પુરાવા અને ઉપરના તારણો પરથી તારણ નં " ૩.૭ " મુજબ હુકમ કરવામાં આવે છે.**

- સદર હુકમ સામે વાદીશ્રીને વાંધો કે તકરાર હોય તો આ હુકમ મળ્યે દિવસ–૩૦ માં વિદ્યુત લોકપાલશ્રીની કચેરી, જીલ્લા સેવા સદન–૩, ત્રીજો માળ, બ્લોક નં–૧, સરકારી પ્રેસ રોડ, રાજકોટ–૩૬૦ ૦૦૧ સમક્ષ અપીલ કરી શકે છે.

(ગેરહાજર)
**(શ્રીમતી જે.એમ.મેહતા)**
**સ્વતંત્ર સભ્યશ્રી**

**(એન.આઈ.ઉપાધ્યાય)**
**ટેકનીકલ સભ્યશ્રી**

**(એન.સી.મકવાણા)**
**અધ્યક્ષશ્રી,**
**ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ**
**પ.ગુ.વિ.કું.લી.:ભાવનગર.**

Consumer Grievance Redressal Forum
P.G.V.C.L.
Bhavnagar

**તારીખ :– ૧૧/૦૫/૨૦૨૩.**